# સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

## વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે

# વચનામૃત

વર્ષ :૧૮-૧૯

# સમૂહગાન પેમ્ફલેટ

**વર્ષ ૨૦૧૮-૧૯ને 'વચનામૃત વર્ષ' તરીકે ઉજવવાનું છે.**
**આ રહ્યા તેના ત્રણ લક્ષ્યાંકો.**

૧) **લક્ષ્યાંક-૧** : શ્રીજીમહારાજના સ્વરૂપની દૃઢતા
૨) **લક્ષ્યાંક-૨** : સત્પુરુષના સ્વરૂપની દૃઢતા
3) **લક્ષ્યાંક-3** : અભાવ-અવગુણથી બચી સંતો-ભક્તોનો મહિમા સમજીએ

## વચનામૃત વાંચનની ટેવ પાડીએ

જગતના સર્વે ગ્રંથોમાં વચનામૃત ગ્રંથ સારો છે;
જીવોના મોક્ષને માટે, સર્વોત્તમ સૌથી ન્યારો છે...ટેક

કેવળ કૃપાળુ બાપાશ્રી તણી રહસ્યાર્થ પ્રદીપિકા;
સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસે, પ્રશ્નો પૂછી કરી ટીકા...૦૧

વચનામૃતના જ આધારે ઉત્તર પ્રશ્નો તણા કીધા;
રસબસની વાત સમજાવી, જીવોને ન્યાલ કરી દીધા...૦૨

શ્રીજીના વચનાનુસારે ટીકામાં વચનો ગાયાં છે;
પોતાનાં બાળકો જાણી, અનેરાં અમૃત પાયાં છે...૦૩

પોતે દુ:ખો ઘણાં વેઠી જીવોને સુખ આપ્યાં છે;
કૃપાથી મૂર્તિ આપીને, જનમનાં દુ:ખ કાપ્યાં છે...૦૪

રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ વચનામૃત જે છે;
પારાયણ પાઠ કરતાને, શ્રીજી મૂર્તિ માંહી લે છે...૦૫

પ્રમાણ અપ્રમાણનાં ગપ્પાં છોડી શ્રીજી વચનને જોજો;
દાસાનુદાસ કહે ભાઈ, મૂર્તિ સુખમાં સહુ ઠરજો...૦૬

## ડીસેમ્બર : ૨૦૧૮

## સનાતનપણું અને સર્વોપરીપણું દૃઢ કરીએ

સ્વામિનારાયણ ભગવાન બીજો કોઈ નહિ,
એના સર્વોપરીપણામાં બીજી જોડ નહિ..૦૧
એ છે ક્ષર અક્ષરથી ન્યારા, પ્રેમીજનને પૂરણ પ્યારા;
એના પરચાના ઝબકારા ઓછા હોય નહિ..૦૨
મૂર્તિ તેજોમય રૂપાળી, અગણિત રવિ ને શશી જાય વારી;
એની મૂર્તિનાં સુખડાંની, હદ કાંય હોય નહિ..૦૩
આત્યંતિક કલ્યાણ કરવાના, રસબસ મૂર્તિમાં રાખવાના;
એનાં આપેલાં વરદાનો ખોટાં હોય નહિ..૦૪
શ્રીજી સહુને સુખ આપે છે, દાસાનુદાસનાં દુ:ખ કાપે છે;
એની કૃપામય દૃષ્ટિમાં, દુખડાં હોય નહિ..૦૫

---

## જાન્યુઆરી : ૨૦૧૯

## સત્પુરુષ કોણ છે ? તે દૃઢ કરીએ

અનાદિમુક્તની સેવા, મારે તો મીઠડા મેવા;
મારે તો મીઠડા મેવા, શ્રીજીની મૂર્તિમાં રહેવા...ટેક
કર્યા મોટા સંતને રાજી, તેણે સર્વે દેવ પૂજ્યા જી;
કશી તેને ન રહી ખામી, મળ્યા એને સહજાનંદ સ્વામી...૦૧
મનુષ્યભાવ દિવ્ય પરમાણી, અલૌકિક મહિમા ઉર આણી;
કર્યું જેણે હેત તે સાથે, જન્મ મરણ નથી માથે...૦૨
મોક્ષના દાતા શ્રીહરિ, કાં હરિના મુક્ત સુખકારી;
પ્રગટ પ્રભુ વિના ભાઈ, કોઈ રીતે મોક્ષ નવ થાઈ...૦૩
શ્રીજીની કૃપાથી આજે, અનાદિ મુક્ત બિરાજે;
દાસાનુદાસ કહે રાચી, માની લ્યો વાત એ સાચી...૦૪

## અભાવ-અવગુણથી દૂર રહીએ

અભાવ, અવગુણ, અમહિમાની વાતો કદી ન કરીએ;
અભાવ, અવગુણ, અમહિમાની વાતો કાને ન ધરીએ...ટેક

અભાવ, અવગુણની વાતોથી, જીવ તો સૂનકાર થઈ જાય;
એમાંથી દ્રોહ કરતાં કરતાં, અસુરભાવ આવી જાય...૧

પ્રભુમાં પ્રીતિ થતી નથી, તેનું કારણ આ જ છે;
જીવ નાદાર થઈ ગયો છે, તેનું કારણ આ જ છે...૨

બીજાના દોષો જોવાય ક્યાંથી, દોષોના ભંડાર છીએ;
પ્રભુએ આપણા જોયા નથી તો, બીજાના દોષ ન જોઈએ...૩

સૌમાં મહારાજ બિરાજમાન છે, અવગુણ કોનો લઈએ ?
મહારાજનો અવગુણ લઈને, ક્યાં જઈને પછી ઠરીએ...૪

સરખે સરખા ભેગા મળીને, પાપનાં પોટલાં ન ભરીએ;
પોતાના દોષો કાઢીને, રુચિમાં ડગ ભરીએ...૫

નિર્દોષ બનવા નિર્દોષ થઈએ, નિર્દોષ કદી ન ઠરીએ;
નિર્દોષ ઠરવા સામેનાને, દોષિત કદી ન કરીએ...૬

પંચમહાપાપથી છુટાય, અપરાધથી છુટાય નહિ;
બીજું ઓછું થશે તો ચાલશે, અપરાધ કાઈનો થાય નહિ...૭

ગુણો સૌના જોયા કરવા, તો ગુણો આપણામાં આવે;
ઈર્ષ્યા, આંટી, પૂર્વાગ્રહ ને ઉદ્‌વેગ સર્વે ભાગી જાવે...૮

અભાવ–અવગુણના મચ્છરોને, સદાય અમે ઉડાડીએ;
ગુણ અને મહાત્મ્યરૂપી, ફટાકડા ખૂબ ફોડીએ...૯

## પ્રગટભાવ અને અંતર્યામીપણું દૃઢ કરીએ

હો શ્રીજી તમારું પ્રગટપણું, અંતર્યામીપણું અખંડ રહો;
હો શ્રીજી સદાય તમે રાજી રહો, એવું દિવ્યજીવન મારે જીવવું છે...ટેક

મારી સર્વે ક્રિયાને તમે જુઓ છો, સર્વે સંકલ્પોને તમે જાણો છો;
દિવ્ય દૃષ્ટિરૂપી તવ કેમેરો, સદાય અમ પર ધારો છો,
આજ્ઞા વિરુદ્ધ કશું થાય નહિ, એવું પ્રગટપણું રખાવજો...૦૧

રહેતા હોઈએ તમારી પાસે, અને જેવી મર્યાદા રહે;
જઈએ દૂર કે રહીએ એકાંતે, તોપણ તેવી મર્યાદા રહે,
સદાય રાજી કરી શકીએ, એવું જાણપણું રખાવજો...૦૨

જેટલું અમને પ્રગટપણું, અંતર્યામીપણું દૃઢ હશે;
તેટલો જય અમારો થશે, નહિ તો સદા પરાજય થશે,
એવા અંતરના શત્રુઓથી, સદા જય અમારો કરાવજો...૦૩

# એપ્રિલ : ૨૦૧૯

## વચનામૃત મુખપાઠ અને મહિમાગાન કરીએ

ઋત વચનામૃત અમૃત જેવું,
પોતાની મેળે ન સમજાય એવું...ટેક

વચનામૃતમાં જ્ઞાન ઘણું છે,
પરોક્ષ શાસ્ત્રોથી અનંત ગણું છે;
શાસ્ત્રો ઘણાં છે નહિ વચનામૃત જેવું,..૧

પરોક્ષ શાસ્ત્રો છે ખડને ઠેકાણે,
પ્રત્યક્ષનાં શાસ્ત્રો છે કણને ઠેકાણે;
વચનામૃત છે, તૈયાર ભોજન જેવું,..૨

સત્સંગી જીવન, ભૂષણ જે કહાવે,
પ્રત્યક્ષનાં શાસ્ત્રોમાં એ સર્વે આવે;
રહસ્યાર્થ વચનામૃત મૈસુબના જેવું,..૩

વચનામૃતના ઉદ્‌ગાતા શ્રીજીમહારાજ,
સત્પુરુષ દ્વારે સમજાવે આજ;
દાસ સેવકને લાગે મીઠું મધ જેવું,..૪

## સિદ્ધાંત, સત્પુરુષ ને સંસ્થાની અસ્મિતા કેળવીએ

તન મન ધનના સમર્પણ કાજે થઈ ગયો ભક્તસમાજ,
તેમની ગાથા સુણાવું આજ (૨)...ટેક

નામ નથી ચિઠ્ઠીમાં લખિયું, તોપણ પોતે આદિમાં ગણિયું;
અનુવૃત્તિ શ્રીજીની જાણી, ત્યાગ કર્યો સંસાર. તેમની ગાથા..૦૧

શ્રીજીનાં વચને ઓગણીસ ભક્તો, અંતરે આનંદ અતિ ઊભરાતો;
દીક્ષા લેવા જાતા આનંદમાં, જેતલપુરની માંય. તેમની ગાથા...૦૨

સંતો હાથ જોડીને બોલ્યા, ભૂજનગરમાં શ્રીજી ડોલ્યા;
કલ્યાણદાસનું કાર્ય અલૌકિક, 'વાહ... અદ્‌ભુતાનંદ'..૦૩

રણછોડલાલે નાણાં પદરના, ખર્ચ્યાં છે જે દેવ મંદિરમાં;
આચાર્યશ્રીના ઠપકા માંહી, સંશય થયો નહિ કાંય..૦૪

સત્ય હકીકત જાણવા મળતાં, મહારાજશ્રી અતિ દિલગીર થાતાં;
રણછોડલાલભાઈ થયો અપરાધ, ભૂલ છે મારી આમાંય..૦૫

રણછોડલાલ દાસભાવે શૂરા, બોલ્યાં વચનો મહિમાએ પૂરાં,
આ રણછોડિયો દાસ તમારો, ભલે ખાસડાં મારો સાત;.૦૬

સુરાખાચર જે રસના સ્વાદી, માંગે ભોજનમાં મીઠાઈઓ આદિ;
ક્લેશ નિત્ય થાય છે ઘરમાં, મનગમતાની છે વાત..૦૭

સ્વભાવ ટળાવવા નિજ ભક્તોનાં, વચનો કહે ગમતું મૂકવાનાં;
શ્રીજી કહે સુરાખાચરને, જમતાં બોલવું ન કાંય..૦૮

પિરસાયા ભોજન નિ:સ્વાદી, કાંઈ બોલે નહિ મુખેથી આદિ,
નિજ ગમતું મૂકી હરિ ગમતું કરવું, તેજ ખરો છે સાર..૦૯

## દિવ્યપણું અને સાકારપણું દૃઢ કરીએ

જય દિવ્ય મૂર્તિ ઘનશ્યામ, તમને અનંત પ્રણામ;
સ્વામિનારાયણ ભગવાન, તમને અનંત પ્રણામ;
અનંત પ્રણામ, તમને અનંત પ્રણામ.. ટેક
અદ્વિતીય અનાદિ પરિબ્રહ્મ છો, સદાય સાકાર દિવ્ય સ્વરૂપ છો;
નિગમ નેતિ વદત તમને...૦૧
મૂર્તિમાં સુખ છે અપરંપારા, હદે રહિત દિવ્ય છૂટે ફુવારા;
ખુશબોના છોડનાર તમને...૦૨
નિત્ય નવીન ધોધ છૂટે છે સુખના, તરેહવાર દિવ્ય અમૃત રસના;
સુખ વૃષ્ટિ કરનાર તમને...૦૩
મૂર્તિથી ઝળકે તેજ ધારાઓ, અનંત બંબની છૂટે છટાઓ;
અનહદ સુખ દેનાર તમને...૦૪
ચોતરફ ઠસાઠસ ઠઠ મળે છે, સામ સામી તે શેડ્યો દોઢે વળે છે;
જય તેજ તણા અંબાર તમને...૦૫
કૃપા કરીને રાખ્યા મૂર્તિની અંદર, અનાદિમુક્તો રહે જ્યાં મુદભર;
સર્વેને સુખના દાતા તમને...૦૬
પુરુષ, કાળ, બ્રહ્મ, અક્ષર તેના, અનાદિમુક્ત છે કારણ સૌના;
તે કારણના પણ કારણ તમને...૦૭
દિવ્ય થકા માનુષ તનુ ધરીને, પ્રેમી જન પર કરુણા કરીને;
મનોરથો પૂરનાર તમને...૦૮
પ્રાકૃત દિવ્ય ચરિત્ર મનોહર, મુમુક્ષુને છે સદાય સુખકર;
દિવ્ય દિવ્ય કહી ગાવે તમને...૦૯
નવીન કિશોર સદા સુખધામ, દાસાનુદાસને પ્યારા ઘનશ્યામ;
ચરણ સ્પર્શી કરું હું તમને...૧૦

જુલાઈ : ૨૦૧૯

## સત્પુરુષની મરજીમાં રહીએ

આપના તે આભમાં હું નાનું પારેવડું,
આપના ઇશારે ઊડી જાવું;
આપનાં વચન મારા જીવનનો રાહ છે,
આપની રુચિમાં જીવી જાવું...ટેક

આપની ઇચ્છામાં આયખું ઓગાળવું,
આપ ચાહો એમ મારે રહેવું;
દાસ તણો દાસ થઈ આપમાં હોમાઈ જવું,
દિવ્યજીવન આપમાંથી લેવું...૦૧

વેણુ બનવું છે મારે આપના અધરતણી,
આપના જ સૂર હું રેલાવું;
મૂર્તિમાં રસબસ રાખો મારા સ્વામી,
મહિમા વિચારે ડૂબી જાઉં...૦૨

દીન બાળક હું આપનો ગુલામ બની,
રાજીપો આપનો કમાઉં,
મારગ પણ આપ મારી મંઝિલ પણ આપ છો,
મારે આપ વડે આપમાં સમાવું...૦૩

## અમહિમા, અપરાધ ને દ્રોહથી દૂર રહીએ

મારા વાલાજી શું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;
તેહ વિના કેને ભજીએ રે... ટેક

સન્મુખ જાતાં શંકા ન કીજે, મર ભાલા તણા મેહ વરસે રે;
હંસ જઈ હરિજનને રે મળશે, કાચી તે કાયા પડશે રે...૦૧

શૂળી ઉપર શયન કરાવે, તોયે સાધુને સંગે રહીએ રે;
દુરિજન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખદુઃખ સર્વે સહીએ રે...૦૨

અમૃત પે અતિ મીઠાં મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવા ન પાવે રે...૦૩

નરકકુંડથી નરસું લાગે, દુરિજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માગે, વ્હાલા વાસ દેજો હરિજનમાં રે...૦૪

## સર્વ કર્તા-હર્તાપણું દૃઢ કરીએ

બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન;
મારે એક વાર્તા રે, સહુને સંભળાવ્યાનું છે મન...૧
મારી મૂરતિ રે, મારા લોક, ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત...૨
મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
સર્વે સામ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ...૩
અતિ તેજોમય રે, રવિ શશી કોટિક વારણે જાય;
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય...૪
તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;
દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર...૫
જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;
સહુને વશ કરું રે, સહુનો પ્રેરક હું ભગવાન...૬
અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય...૭
એમ મુને જાણજો રે, મારાં આશ્રિત સૌ નરનારી;
મેં તો તમ આગળે રે, વાર્તા સત્ય કહી છે મારી...૮
હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ;
પ્રેમાનંદનો રે, વા'લો વરસ્યા અમૃત મેહ...૯

## સત્પુરુષ સાથે આત્મબુદ્ધિ કરીએ

જીવનું જીવન મારા વ્હાલા, સહજાનંદ સ્વામી(૨);
આત્મબુદ્ધિ કરીએ વ્હાલા, દિવ્યપુરુષ પામી...૦૧

દેહરૂપ માની પોતાનું, જીવે કર્યો અતિ સ્નેહ(૨);
મોટાપુરુષ સાથે પ્રીતિ, પોતાપણું દેહ ગેહ...૦૨

સદાયનાં એ સગાં સાચાં, મોટાપુરુષ દયાળ(૨);
એ મારા હું એમનો, એ દૃઢ કરીએ આ વાર...૦૩

જનમો જનમથી થયા છીએ, દેહના સુખે સુખી(૨);
મોટાપુરુષના સુખે સુખી, થઈએ દુ:ખે દુ:ખી...૦૪

કોણ બોલે છે ? કોણ કહે છે ? કર્તા પોતે હરિ(૨);
વચનમાં નિ:સંશય થઈએ, નિધડકપણું દઈ...૦૫

ગમતું એમનું મારું ગમતું, રુચિમાં સદા રહે(૨);
બાપજી ને સ્વામીશ્રી સાથે, આત્મબુદ્ધિ રહે...૦૬